सत्यमेव जयते

# પ્રાણી–વનસ્પતિ જૈવિક વિવિધતા અધિનિયમ

National Biodiversity Authority, India

सत्यमेव जयते

# પ્રાણી–વનસ્પતિ જૈવિક વિવિધતા અધિનિયમ

**National Biodiversity Authority**

**INDIA**

Copyright @ National Biodiversity Authority, 2010

First Publication, 2010................1000 copies

This publication contains the Biological Diversity Act, 2002 and the Biological Diversity Rules, 2004 that was promulgated by the Government of India. This document may therefore be reproduced for educational and non-profit purposes without special permission from the National Biodiversity Authority. The Authority would specially appreciate receiving a copy of any publication that uses this book as a source.

For bibliographic and reference purpose this publication should be referred to as, The Biological Diversity Act, 2002 and Biological Diversity Rules, 2004, National Biodiversity Authority (2010), 66 PP.

*For further information, please contact:*

The Secretary
National Biodiversity Authority
5th Floor, TICEL Biopark,
Taramani Road, Taramani,
Chennai - 600 113.
Tel: 044 22542777
Fax: 044 22541200
email : secretary@nbaindia.in
Website : www.nbaindia.org

*Translated by :*

M/s. Janpath
B-3, Sahajanand Towers,
Jivraj Park Cross Road,
Ahmedabad - 380051, Gujarat.
Ph.: 079-2682153 / 0719

*Printed by :*

Nandhi Offset Printers,
New No. 21, Devarajan Street,
Triplicane, Chennai - 600 005.
Ph.: 42075534

# પ્રાણી–વનસ્પતિ જૈવિક વિવિધતા અધિનિયમ

## જૈવિક વિવિધતા અધિનિયમ–૨૦૦૨ની નોંધપાત્ર જોગવાઈઓ

કલમ–૩ તમામ વિદેશી નાગરિકોએ જૈવિક સંસાધનો મેળવવા માટે એનબીએ પાસેથી મંજૂરી લેવાની રહેશે.

કલમ–૪ ભારતીય વ્યકિત/સંસ્થાઓએ જ્ઞાન / સંશોધન અને માહિતી વિદેશીઓને તબદીલ કરતા પહેલા મંજૂરી મેળવવાની રહેશે.

કલમ–૫ સરકાર પ્રયોજિત સહાયક સંશોધન યોજનાઓ અંગે માર્ગદર્શક નીતિ.

કલમ–૬ કોઈપણ પ્રકારના આઈપીઆર આધારો જૈવિક બાબતો ઉપર કરવામાં આવતા સંશોધનોને લાગુ કરવામાં અને અથવા ભારતમાંથી મેળવેલ સંકલિત જ્ઞાનનો ઉપયોગ કરવામાં એનબીએની પૂર્વ પરવાનગી જરૂરી.

કલમ–૭ ભારતીયોએ રાજ્ય જૈવિક વિવિધતા નિગમોની જૈવિક માહિતી અને સામગ્રી વ્યવસાયિક ઉપયોગ મેળવવા માટે પૂર્વ માહિતી આપવી જરૂરી. એસબીબી આ પ્રકારના નિયંત્રણોનું નિયમન કરી શકશે. જૈવિક વૈવિધતાના ઉત્પાદકો અને કેળવણીકારો

અને વૈદ્યો અને હકીમો કે જેઓ ભારતીય ઔષધ પધ્ધતિનો વ્યવહારમાં ઉપયોગ કરે છે તેઓ અને સ્થાનિક લોકોને મુક્તિ આપવામાં આવે છે.

કલમ–૮ એનબીએની સ્થાપના અને તેનું બંધારણ.

કલમ–૧૩ એનબીએની સમિતિઓ.

કલમ–૧૮ એનબીએના કાર્યો અને અધિકારો.

કલમ–૧૯ એનબીએ દ્વારા મંજૂરી.

કલમ–૨૧ એનબીએ દ્વારા સમલાભ ભાગીદારીનું નિર્ધારણ.

કલમ–૨૨ રાજય જૈવિક વિવિધતા નિગમોની સ્થાપના.

કલમ–૨૩ રાજય જૈવિક વિવિધતા નિગમોના કાર્યો.

કલમ–૨૪ રાજય જૈવિક વિવિધતા નિગમોના અધિકારો.

કલમ–૨૬ રાષ્ટ્રીય જૈવિક વિવિધતા ભંડોળ.

કલમ–૩૨ રાજય જૈવિક વિવિધતા ભંડોળ.

કલમ–૩૬ જૈવિક વિવિધતાના સંરક્ષણ માટે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય નીતિ આયોજન વિગેરે વિકાસ કરવા બાબતે.



કલમ–૩૬(૧)(એ)જૈવિક વિવિધતાના સંરક્ષણ માટે સુધારાત્મક પગલાં લેવા કેન્દ્ર સરકાર રાજય સરકારોને આદેશ કરશે.

કલમ–૩૬(૩)(ય) જૈવિક વિવિધતા ઉપર વિકાસ યોજનાઓની અસરોની આકારણી.

કલમ–૩૬(૩)(યય) જીએમઓનું નિયમન.

કલમ–૩૬(૪) પ્રથાગત જ્ઞાનની જાળવણી માટેના પગલાંઓ.

કલમ–૩૭ જૈવિક વિવિધતા વારસાગત સ્થળો.

કલમ–૩૮ જોખમકારક જાતો અંગે જાહેરનામા.

કલમ–૩૯ ભંડારોના હોદ્દેદારો

કલમ–૪૦ અધિનિયમની અમલવારીમાંથી સામાન્ય રીતે વિક્રિત માલને મુક્તિ.

કલમ–૪૧ સ્થાનિક સંસ્થાઓ દ્વારા જૈવિક વિવિધતા સંચાલન સમિતિઓની સ્થાપના.

કલમ–૪૨ સ્થાનિક જૈવિક વિવિધતા ભંડોળ.

કલમ–૫૨(એ) એનબીએ / એસબીબીના નિર્ણય સામે વડી અદાલતમાં અપીલ.

| | |
|---|---|
| કલમ–૫૩(બી) | એનબીએ / એસબીબીના હુકમો દિવાની અદાલતોની સમકક્ષ. |
| કલમ–૫૫ | દંડ–કરેલ નુકસાનના પ્રમાણમાં પાંચ વર્ષ સુધીની કેદ અને અથવા દસ લાખ સુધીનો દંડ. |
| કલમ–૫૯ | અધિનિયમ, અન્ય અધિનિયમો ઉપરાંત અમલી. |
| કલમ–૬૧ | ગુના અંગેની નોંધ (ગુના અંગેની માહિતી) |
| કલમ–૬૨ | કેન્દ્ર સરકારની નિયમો ઘડવાની સત્તા. |
| કલમ–૬૩ | રાજય સરકારની નિયમો ઘડવાની સત્તા. |
| કલમ–૬૪ | નિયમો ઘડવાની સત્તા. |
| કલમ–૬૫ | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |



# પ્રકરણ–૧ પ્રારંભિક

## ૧. ટૂંકું નામ, વિસ્તાર અને અમલવારી

(૧) આ અધિનિયમ પ્રાણી વનસ્પતિ વૈવિધતા અધિનિયમ–૨૦૦૨ તરીકે ઓળખાશે.

(૨) તે સમગ્ર ભારતમાં લાગુ પડશે.

(૩) તે કેન્દ્ર સરકાર અધિકૃત ઘોષણાપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે તારીખથી અમલમાં આવશે.

એવું ઠરાવવામાં આવે છે કે, આ અધિનિયમની અલગ અલગ જોગવાઈઓ માટે અલગ અલગ અમલવારીની તારીખો નકકી કરવામાં આવશે અને તેને સદર જોગવાઈની અમલવારીની તારીખ ગણવામાં આવશે.

## ૨. વ્યાખ્યાઓ

આ અધિનિયમમાં અન્યથા સંદર્ભિત કર્યું હોય તે સિવાય

(એ) "બેનીફીટ કલેઈમર્સ (લાભાર્થી દાવેદાર) એટલે કે જૈવિક સંસાધનો તેની આડપેદાશોના સંરક્ષકો, આવા જૈવિક સંસાધનો શોધો અને આવી બાબતોના વ્યવહારુ ઉપયોગ અને અમલવારી સંબંધિત જ્ઞાન અને માહિતીના સર્જકો અને સંગ્રાહકો.

(બી) પ્રાણી વનસ્પતિ વૈવિધતા (જૈવિક વૈવિધતા) એટલે તમામ સ્ત્રોતોમાં જીવંત અંગોમાં ચલિતતા અને ઈકોલોજીકલ ગ્રંથિઓ કે જેના તેઓ અંગરૂપ છે અને તેમાં જાતોમાં, જાતો વચ્ચે અને ઈકો પદ્ધતિ વચ્ચે સંવાદિતતા.

(સી) બાયોલોજીક રીસોર્સીસ (પ્રાણી વનસ્પતિ સંસાધનો) એટલે કે છોડવાઓ, પ્રાણીઓ અને તેના સૂક્ષ્મ અંગો કે ભાગ, તેની જૈવિક બાબતો અને આડપેદાશો (મૂલ્યવૃદ્ધિત ઉત્પાદનો સિવાયના), તેના ખરા કે મહત્વના ઉપયોગ કિંમત સહિતના પરંતુ તેમાં માનવીય જૈવિક બાબતોનો સમાવેશ થતો નથી.

(ડી) બાયો સર્વે એન્ડ બાયો યુટીલાઇઝેશન (વનસ્પતિ–સર્વે અને ઉપયોગિતા) એટલે કે જાતોનો સર્વે અથવા એકત્રીકરણ, પેટા જાતો, જૈવિક અંગો અને જૈવિક સંસાધનોનો ભાગ કોઈપણ હેતુ માટે અને તેમાં ચરિત્રિકરણ, શોધ અને બાયો એસીનો સમાવેશ થાય છે.

(ઇ) ચેરપર્સન એટલે કે નેશનલ બાયો ડાયવર્સિટી ઓથોરીટી (રાષ્ટ્રીય બાયો ડાયવર્સિટી સત્તા મંડળ કે તે સંબંધે રાજય બાયો ડાયવર્સિટી નિગમના પ્રમુખ)



(એફ) વાણિજિયક ઉપયોગીતા એટલે કે જૈવિક સંસાધનોનો વાણિજિયક ઉપયોગીતા જેવી કે, દવાઓ, ઔદ્યોગિક, એનેમીસ, ખોરાકની લહેજત, સુવાસ, સૌંદર્ય પ્રસાધન, અમોલ્સીફાયર્સ, ઓલેરોઝીન્સ, કલર્સ, એકસ્ટ્રેકટસ અને જૈવિક ઉપયોગ, પાક અને જીવંત બાબતોમાં જૈવિક દરમિયાનગીરી દ્વારા સુધારણા લાવવા માટે અંતિમ ઉપયોગ, પરંતુ તેમાં પ્રથાગત પદ્ધતિઓ કે જે ખેતી, બાગાયત, ડેરી, ફાર્મિંગ, પોલ્ટ્રી, એનીમલ હસબન્ડરી કે બી કીપીગમાં ઉપયોગમાં લેવાતી ઉછેર પદ્ધતિઓનો સમાવેશ થતો નથી.

(જી) ફ્રેર એન્ડ ઈકવીટેબલ બેનીફીટ શેરીંગ એટલે કે રાષ્ટ્રીય જૈવિક વિકાસ સત્તા મંડળ દ્વારા કલમ–૨૧ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલા લાભોની વહેંચણી.

(એચ) સ્થાનિક સંસ્થાઓ એટલે કે બંધારણના અનુચ્છેદ–૨૪૩(બી)ની જોગવાઈ(૧) અને અનુચ્છેદ–૨૪૩(કયુ)ની જોગવાઈ–૧ અંતર્ગત પંચાયત અને નગરપાલિકાઓ તે ગમે તે નામે ઓળખાતી હોય અને પંચાયત કે નગરપાલિકાની ગેરહાજરીમાં બંધારણની અન્ય કોઈ જોગવાઈ હેઠળ કે અન્ય કેન્દ્રીય કે રાજય અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ સ્વસંચાલનની સંસ્થાઓ.

(આઈ) સભ્ય એટલે કે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા નિગમનો સભાસદ અને તેમાં પ્રમુખનો સમાવેશ થાય છે.

(જે) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ એટલે કે કલમ–૮ હેઠળ સ્થાપિત રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ.

(કે) પ્રિસ્ક્રાઈબ એટલે કે નિયમો દ્વારા કે આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ નિયમો મુજબ નિર્દિષ્ટ.

(એલ) રેગ્યુલેશન્સ એટલે આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ રેગ્યુલેશન (નિયમો)

(એમ) રીસર્ચ (શોધ) એટલે કે કોઈપણ જૈવિક સંસાધન કે તાંત્રિક અમલવારી કે જે જૈવિક પદ્ધતિ, જીવંત અંગો કે ડેરીવેટીસ કોઈપણ ઉપયોગ માટે ઉત્પાદન કે પ્રક્રિયા સુધારણા માટે કે બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે તેવી બાબતોનો પદ્ધતિસરની શોધ કે અભ્યાસ.

(એન) રાજય જૈવિક વૈવિધતા નિગમ એટલે કે કલમ–૨૨ હેઠળ સ્થાપિત રાજય જૈવિક વૈવિધતા નિગમ.



(ઓ) સસ્ટેઈનેકલ યુઝ (ટકાઉ ઉપયોગ) એટલે કે જૈવિક વૈવિધતાના અંગોનો એવી રીતે અને એટલા પ્રમાણમાં ઉપયોગ કે જેથી જૈવિક વૈવિધતાનું લાંબાગાળે નાશ ન થાય અને એ રીતે વર્તમાન અને ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતો અને અપેક્ષાઓની મહત્તાને જાળવી રાખી શકાય.

(પી) મૂલ્યવર્ધિત ઉત્પાદનો એટલે કે એવું ઉત્પાદન કે જેમાં છોડવા અને પ્રાણીઓના ભાગો કે અંગો ન ઓળખી શકાય અને શારીરિક રીતે અલગ ન કરી શકાય તેવા સ્વરૂપમાં હોય.

# પ્રકરણ–૨
# જૈવિક વૈવિધતા ઉપયોગ અંગે નિયમો

રાષ્ટ્રીય વૈવિધતા સત્તા મંડળની મંજૂરી વગર કેટલીક વ્યકિતઓ જૈવિક વૈવિધતા સંબંધી પ્રવૃત્તિઓ હાથ ધરી શકશે નહિ.

૩.(૧) પેટા કલમ–૨ માં સંદર્ભિત કોઈપણ વ્યકિત રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની પૂર્વ પરવાનગી સિવાય ભારતમાંના કોઈપણ જૈવિક સંસાધનો કે તે સંબંધિત જ્ઞાન, સંશોધન કે વાણિજિયક ઉપયોગ માટે કે જૈવિક નિદર્શન કે જૈવિક ઉપયોગ માટે મેળવી શકશે નહિ.

(૨) એવી વ્યકિતઓ કે જેમણે રાષ્ટ્રીય જૈવિક વિવિધતા સત્તા મંડળની પેટા કલમ–૧ હેઠળ મંજૂરી મેળવવી જરૂરી છે તે નીચે મુજબ છે.

(એ) એવી વ્યકિતઓ કે જે ભારતીય નાગરિક ન હોય.

(બી) ભારતીય નાગરિક પણ જે વ્યકિત આવકવેરા અધિનિયમ–૬૧ની કલમ–૨ ની જોગવાઈ–૩૦ મુજબ બિન નિવાસીય ઘોષિત થયેલ હોય.

(સી) સંસ્થા, સંગઠન કે વ્યવસ્થા તંત્ર

– કે જેની સ્થાપના કે નોંધણી ભારતમાં ન થઈ હોય અને



– સ્થાપના કે નોંધણી ભારતમાં ભારતીય કાયદા કે જે સંબંધિત વખતે અમલમાં હોય તે વખતે થઈ હોય અને જેમાં શેરમૂડી કે સંચાલનમાં બીન ભારતીયની ભાગીદારી હોય.

(૩) સંશોધનના પરિણામો કેટલીક વ્યકિતઓને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની મંજૂરી વગર તબદીલ કરી શકાશે નહિ.

(૪) કોઈ વ્યકિત, રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની પૂર્વ પરવાનગી સિવાય, ભારતમાં કે ભારતમાંથી કોઈ જૈવિક સંસાધનો સંબંધી સંશોધનની ઉપલબ્ધિ આર્થિક બદલા માટે કે અન્યથા વ્યકિત કે જે ભારતનો નાગરિક નથી કે ભારતનો નાગરિક છે પરંતુ આવકવેરા ધારા ૧૯૬૧ની કલમ–૨ ની જોગવાઈ ૩૦ હેઠળ બિન નિવાસી ભારતીય છે કે એવું નિગમ કે વ્યવસ્થાતંત્ર કે જે ભારતમાં સ્થપાયેલ કે નોંધાયેલ નથી કે જેમાં બિન નિવાસી ભારતીયની તેની શેરમૂડી કે સંચાલનમાં ભાગીદારી હોય તેને તબદીલ કરી શકાશે નહિ.

**ખુલાસોઃ**

આ કલમના હેતુ માટે ટ્રાન્સફર (તબદીલી)માં સંશોધનપત્રનું પ્રકાશન કે કોઈ કાર્યશિબિરમાં જ્ઞાનનું પ્રદર્શન, જો તે પ્રકાશન કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક નીતિ મુજબનું હોય તો તેનો સમાવેશ થતો નથી.

કલમ–૩ અને ૪ કેટલીક સહાયક સંશોધન યોજનાઓને લાગુ પડશે નહિ.

૫.(૧) કલમ–૩ અને ૪ની જોગવાઈઓ પૂરક સંશોધન યોજનાઓ કે જેમાં સંસ્થાઓ, ભારતની સરકાર પ્રયોજિત સંસ્થાઓ સહિતની અને અન્ય દેશોની આવી સંસ્થાઓ, જો આવી પૂરક સંશોધન યોજનાઓ પેટા કલમ–૩ની જરૂરિયાતો સંતોષતી હોય તો લાગુ પડશે નહિ.

(૨) તમામ પૂરક સંશોધન યોજનાઓ, પેટા કલમ–૧માં નિર્દિષ્ટ કર્યા સિવાયની કે જે આ અધિનિયમના આરંભ અને અમલવારી પહેલા એગ્રીમેન્ટ (સહમતીપત્ર)ના આધારે અમલી હોય તો સદર એગ્રીમેન્ટની જોગવાઈઓ જેટલે અંશે આ અધિનિયમની જોગવાઈઓ કે કલમ–૩ની પેટા કલમ–એ હેઠળની બહાર પાડવામાં આવેલ માર્ગદર્શન નીતિઓથી વિરોધાભાસી હશે તેટલા અંશે રદ ગણાશે.

(૩) પેટા કલમ–૧ના હેતુ માટે પૂરક સંશોધન યોજનાઓ એટલે,

એ. એવી યોજનાઓ કે જે આ સંબંધે કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ નીતિઓ મુજબની હોય.

બી. કે જે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય.

રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની મંજૂરી સિવાય બૌદ્ધિક મિલકત અધિકારોની અમલવારી થઈ શકશે નહિ.



૬.(૧) કોઈ વ્યકિત કોઈપણ બૌદ્ધિક મિલકત, અધિકારો માટે પછી તે ગમે તે નામે ઓળખાતી હોય ભારતમાંથી મેળવેલી જૈવિક સંસાધનો અંગે માહિતી કે સંશોધન ભારતમાં કે ભારત બહાર અંગે અરજી રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની પૂર્વ મંજૂરી વગર કરી શકશે નહિ.

સિવાય કે વ્યકિત પેટન્ટ માટે અરજી કરે તેવા કિસ્સામાં પેટન્ટ સત્તા મંડળ દ્વારા પેટન્ટ સ્વીકારાય તે બાદરાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની મંજૂરી મેળવવાની રહેશે.

વધુમાં જોગવાઈ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ તેની સમક્ષની અરજીઓ અરજી મળ્યાના ૯૦ દિવસમાં નિકાલ કરશે.

(૨) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ આ કલમ હેઠળ મંજૂરી આપતી વખતે આવા અધિકારોના વાણિજિયક ઉપયોગમાંથી ઉદભવતા આર્થિક લાભોની વહેંચણી સહિતની શરતો કે લાભો વહેંચણી ફી કે રોયલ્ટી કે બંને લાદી શકશે.

(૩) આ કલમની આ જોગવાઈઓ એવી કોઈ વ્યકિત કે જેણે સંસદ દ્વારા ઘડવામાં આવેલ કાનુન છોડવાઓની જાતોના સંરક્ષણ સંબંધી કે અધિકાર સંબંધી કરવામાં આવેલ હોય તેને લાગુ પડશે નહિ.

(૪) જયારે પેટા કલમ–૩માં સંદર્ભિત અધિનિયમ હેઠળ કોઈપણ અધિકાર આપવામાં આવેલ હોય ત્યારે આવો હકક મંજૂર કરતા સંબંધિત સત્તાધિકારે આવી મંજૂરીનો દસ્તાવેજની એક નકલ રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળને મોકલી આપશે.

રાજય જૈવિક નિગમને કેટલાક હેતુઓ માટે જૈવિક સંસાધનો મેળવવા માટે પૂર્વ માહિતી.

૭. એવી કોઈ વ્યકિત કે જે ભારતીય નાગરિક હોય કે કોર્પોરેટ નિગમ હોય, એસોસિએશન હોય કે વ્યવસ્થા તંત્ર હોય કે જે ભારતમાં નોંધાયેલું હોય તે કોઈપણ જૈવિક સંસાધન કે જૈવિક નિદર્શન અને જૈવિક ઉપયોગ જાણકારી વાણિજિયક ઉપયોગ માટે માત્ર સંબંધિત રાજય જૈવિક નિગમને પૂર્વ જાણ કરીને મેળવી શકશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે આ કલમની આ જોગવાઈઓ સ્થાનિક લોકો, વિસ્તારની જાતિઓ જેમાં જૈવિક બાબતોના ઉત્પાદકોનો સમાવેશ થાય છે અને વૈદ્ય અને હકીમ કે જેઓ સ્થાનિક દવાઓ અંગે વ્યવહાર કરી રહયા છે તેમને લાગુ પડશે નહિ.



# પ્રકરણ–૩
# રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની સ્થાપના

૮(૧) કેન્દ્ર સરકાર ઘોષણાપત્રમાં જાહેરનામુ બહાર પાડી જે તારીખથી અમલી તારીખ જાહેર કરે તે તારીખથી કેન્દ્ર સરકાર દ્વારા આ અધિનિયમ હેઠળ એક વ્યવસ્થાતંત્ર કે જે રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ તરીકે ઓળખાશે તેની સ્થાપના થયેલી ગણાશે.

(૨) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ ઉપરોકત નામથી અને છાપથી સ્વતંત્ર વ્યવસ્થાતંત્ર મિલકતો સ્થાયી અને અસ્થાયી ધારણ કરવા અને નિકાલ કરવા કરાર કરવાના અધિકાર સાથેનું રહેશે અને તે નામ સામે દાવાદુવી થઈ શકશે.

(૩) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની મુખ્ય કચેરી ચેન્નઈ ખાતે રહેશે અને કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ ભારતમાં અન્ય જગ્યાએ તેની કચેરી ઉભી કરી શકશે.

(૪) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ નીચે મુજબના સભ્યોનું બનશે.

(એ) પ્રમુખ, જે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવશે અને તે એવી અગ્રગણી વ્યક્તિ હશે કે જે જૈવિક વૈવિધતા અંગેની બાબતોમાં સંરક્ષણ અને ટકાઉતા અંગે જ્ઞાન અને અનુભવો હોય તેમજ લાભોના સમવેચાણની બાબતોમાં જાણકારી હોય.

(બી) ત્રણ એકસ ઓફિશીયો સભ્ય કે જેની નિમણૂંક કેન્દ્ર સરકાર કરશે. જેમાંથી એક સભ્ય આદિવાસી બાબતોના મંત્રાલય સાથે સંબંધિત હશે અને બે સભ્યો પર્યાવરણ અને વન વિભાગના મંત્રાલય સાથે સંબંધિત રહેશે જેમાંથી એક વનના વધારાના મહાનિર્દેશક કે વન મહાનિર્દેશક રહેશે.

(સી) કેન્દ્ર સરકાર, કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયોનું પ્રતિનિધિત્વ કરતા સાત એકસ ઓફિશીયો સભ્યોની નિમણૂંક કરશે.

– કૃષિ, સંશોધન અને શિક્ષણ.

– બાયો ટેકનોલોજી.

– સમુદ્ર વિકાસ.

– કૃષિ અને સહકાર.

– ભારતીય એલોપથી અને હોમીયોપેથી પદ્ધતિ.



– વિજ્ઞાન અને ટેકનોલોજી.

– વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન.

(ડી) પાંચ બિન અધિકારી સભ્યો જૈવિક વૈવિધતા સંરક્ષણ, જૈવિક સાધનોમાંથી ઉદભવતા લાભોની સંવહેંચણી અને જૈવિક સંસાધનોના ટકાઉ ઉપયોગ અંગેની બાબતોમાં ખાસ જ્ઞાન કે જાણકારી ધરાવતા વૈજ્ઞાનિકોમાંથી, ઉદ્યોગના પ્રતિનિધિઓ, સંરક્ષકો, જૈવિક સંસાધનોના સર્જકો અને જ્ઞાન ધરાવનારાઓમાંથી પાંચ વ્યકિતઓની નિમણૂંક સભ્ય તરીકે કરવાની રહેશે.

**<u>પ્રમુખ અને સભ્યોની નોકરીની શરતોઃ</u>**

૯. રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ પ્રમુખ અને અન્ય સભ્યો સિવાય કે એકસ ઓફિશીયો સભ્યોની નિમણૂંક અને કામની શરતો કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે તે મુજબની રહેશે.

પ્રમુખ રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના મુખ્ય કાર્યવાહક રહેશે.

૧૦. પ્રમુખ રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના કાર્યવાહક રહેશે અને નિર્દિષ્ટ કર્યા મુજબની ફરજો અને અધિકારો ભોગવશે.

## સભ્યોને દૂર કરવા અંગે:

૧૧. જો કેન્દ્ર સરકારનો એવો મત થાય કે:

- તે નાદાર જાહેર થયો હોય
- નૈતિધ અધઃપતનના ગુનામાં દોષિત જાહેર થયો હોય
- સભ્ય તરીકે ફરજ બજાવવામાં માનસિક કે શારિરીક રીતે અશકત બનેલ હોય
- તેણે તેના હોદૃાનો એ રીતે દુરૂપયોગ કર્યો હોય કે તેણે તે પદ પર ચાલુ રાખવો જાહેર હિતમાં નુકસાનકારક હોય
- તેણે એવું આર્થિક કે અન્ય હિત પ્રાપ્ત કરેલ હોય કે જેથી તેની સભ્ય તરીકેની કામગીરીમાં અવળી અસર થાય તેમ હોય

તો તેવા કિસ્સામાં તેવી વ્યકિતને રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના પદેથી દૂર કરી શકશે.

## રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની બેઠકો:

૧૨(૧) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની બેઠકો નિર્દિષ્ટ કર્યા મુજબ સ્થળે અને સમયે મળશે અને (બેઠકમાં કોરમ સહિતના) નિયમ સહિત એજન્ડા અંગે નિર્દિષ્ટ કર્યા મુજબની પ્રક્રિયા અનુસરશે.



(૨) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના પ્રમુખ, રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની બેઠકનું પ્રમુખસ્થાન સંભાળશે.

(૩) જો કોઈપણ કારણસર પ્રમુખ રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની બેઠકમાં હાજર રહેવામાં અશકત હોય તો સદર બેઠકમાં ઉપસ્થિત સભ્યોમાંથી નકકી કરવામાં આવેલ સભ્ય રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની બેઠકનું પ્રમુખસ્થાન સંભાળશે.

(૪) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની બેઠક સમક્ષ મૂકવામાં આવતા તમામ કામો અંગે નિર્ણય બેઠકમાં ઉપસ્થિત સભ્યોની બહુમતી દ્વારા કરવામાં આવશે. જો કોઈ કિસ્સામાં એકસરખા મત પડે તો પ્રમુખ કે તેની ગેરહાજરીમાં બેઠકની અધ્યક્ષતા કરતી વ્યકિતને બીજો કે કાસ્ટીંગ મત આપવાનો અધિકાર રહેશે.

(૫) દરેક સભ્ય કે જે કોઈપણ રીતે, સીધી, આડકતરી કે અંગત રીતે બેઠકમાં ચર્ચાનાર બાબતોમાં હિત ધરાવતો હોય તો તે વ્યકિત તેના હિતનો પ્રકાર જાહેર કરશે અને આવી જાહેરાત બાદ સદર હિત ધરાવતી વ્યકિત સદર બેઠકમાં હાજરી આપશે નહિ.

(૬) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના કોઈપણ કૃત્યો કે કાર્યવાહી માત્ર એવા કારણસર કે,–

એ. રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના બંધારણમાં ક્ષતિ કે ખાલી જગ્યાના કારણે.

બી. સભ્ય તરીકે કાર્યરત સભ્યની નિમણૂંકની પ્રક્રિયામાં ક્ષતિને કારણે.

સી. બાબતની ગુણવત્તાને અસર ન કરતી રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ દ્વારા અનુસરવામાં આવેલી અનિયમિત પ્રક્રિયાને કારણે.

ગેરલાયક ઠરશે નહિ.

**<u>રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની સમિતિઓઃ</u>**

૧૩(૧) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ ખેતીમાં વૈવિધતા લાવવા સમિતિ નીમી શકશે.

ખુલાસોઃ આ પેટા કલમના હેતુ માટે "એગ્રો બાયોડાયવર્સિટી" એટલે કે જૈવિક વૈવિધતા કે ખેતી સંબંધી જાતો અને તેના જંગલી સંબંધીઓ.

(૨) પેટા કલમ–૧ની જોગવાઈઓને પૂર્વગ્રહિત કર્યા સિવાય રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ તેને આ અધિનિયમ હેઠળની કાર્યવાહીની બજવણી માટે અને અસરકારક અમલીકરણ માટે જરૂર જણાય તેટલી સમિતિઓની નિમણૂંક કરી શકશે.



(૩) આ કલમ હેઠળ નિયુકત સમિતિઓ એટલી સંખ્યામાં વ્યકિતઓને સભ્યો તરીકે સમાવી શકશે કે જેઓ રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના સભ્યો ન હોય અને આ રીતે સમાવિષ્ટ સભ્યોને સમિતિની બેઠકોમાં અને કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર રહેશે પરંતુ તેમને મતાધિકાર રહેશે નહિ.

(૪) પેટા કલમ–૨ હેઠળ નિયુકત સમિતિના સભ્ય તરીકે નિયુકત થયેલ વ્યકિતઓને કેન્દ્ર સરકાર દ્વારા નકકી કરવામાં આવે તે દરે સમિતિની બેઠકોમાં હાજર રહેવા માટે ફી અને ભથ્થાં મેળવવાનો અધિકાર રહેશે.

**<u>રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના અધિકારો અને કર્મચારીઓઃ</u>**

૧૪(૧) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ આ અધિનિયમ હેઠળના કાર્યોની અસરકારક બજવણી માટે તેને જરૂર જણાય તે મુજબ અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂંક કરી શકશે.

(૨) આવા અધિકારીઓ અને કર્મચારીઓ કે જેમની નિમણૂંક રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના કર્મચારીઓ તરીકે કરવામાં આવે તેમની અવધિ અને કામની શરતો નિયમો દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબની રહેશે.

(૩) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના નિર્ણયો અને હુકમોની અધિકૃતતા.

(૪) રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળના તમામ હુકમો અને નિર્ણયો પ્રમુખની કે આ સંબંધે રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલ

સભ્યની સહીથી અધિકૃત કરવામાં આવશે અને રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ દ્વારા કરવામાં આવેલ તમામ દસ્તાવેજો આ સંબંધે અધિકૃત કરવામાં આવેલ રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળની સહી દ્વારા અધિકૃત કરવામાં આવશે.

**સત્તાની સોંપણી:**

૧૬. રાષ્ટ્રીય જૈવિક સત્તા મંડળ લેખિતમાં ખાસ કે સામાન્ય હુકમ દ્વારા એવા કોઈ સભ્ય કે અધિકારીને કે અન્ય કોઈ વ્યકિતને કેટલીક શરતોને આધિન હુકમમાં નિર્દિષ્ટ કર્યા મુજબની એવા અધિકારો કે કાર્યો (કલમ–૫૦ હેઠળ અપીલ કરવાના કે કલમ–૬૪ હેઠળ નિયમો ઘડવાની સત્તા સિવાયના) તેને જરૂર જણાય તેવા કાર્યો કે અધિકારોની સોંપણી કરી શકશે.

રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના ખર્ચાઓ ભારતના કોન્સોલીટેડ ફંડમાંથી કરવાના રહેશે.

૧૭. સભ્યોને ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાંઓ અને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના વહીવટી ખર્ચાઓ જેમાં ચૂકવવાપાત્ર પગારભથ્થાં, પેન્શન કે જે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ સંબંધમાં થાય તે ભારતીય કોન્સોલીટેડ ફંડમાંથી કરવાના રહેશે.



# પ્રકરણ–૪
# રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના કાર્યો અને અધિકારો

૧૮(૧) કલમ–૩, ૪ અને ૬માં સંદર્ભિત પ્રવૃત્તિઓનું નિયમન કરવાની અને જૈવિક સંસાધનોની ઉપલબ્ધિ માટે અને ઉપલબ્ધ લાભોની સંવહેંચણી માટે માર્ગદર્શક નીતિઓ નકકી કરવાની જવાબદારી રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની રહેશે.

(૨) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કલમ–૩, ૪ અને ૬ હેઠળની કોઈપણ પ્રવૃત્તિ હાથ ધરવા માટે મંજૂરી આપી શકશે.

(૩) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ,–

એ. જૈવિક વૈવિધતા સંરક્ષણ તેના અંગોના ટકાઉ ઉપયોગ અને જૈવિક સંસાધનોના ઉપયોગ દ્વારા લાભોની સંવહેંચણી સંબંધિત બાબતો અંગે કેન્દ્ર સરકારને સલાહ–સૂચન કરી શકશે.

બી. જૈવિક વિવિધતા વિસ્તારોની પસંદગીમાં જૈવિક વિવિધતા મહત્વ કે જે કલમ–૩૭ની પેટા કલમ–૧થી જાહેરનામાથી વારસાઈ સ્થળ તરીકે ઘોષિત કરવામાં આવેલ છે તેના સંચાલન અંગે રાજય સરકારને સલાહ સૂચન કરી શકશે.

સી. એવા અન્ય કાર્યો કે જે આ અધિનિયમની જોગવાઈઓની અમલવારી માટે જરૂરી હોય તેવા તમામ કામો કરી શકશે.

(૪) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કેન્દ્ર સરકાર વતી ભારત બહાર કોઈપણ દેશમાં ભારતમાંથી મેળવેલ કોઈપણ જૈવિક સંસાધન સંબંધી જ્ઞાન કે જૈવિક સંસાધનો અંગે બૌધિક માહિતીનો વિરોધ કરવા પગલાં લઈ શકશે.



# પ્રકરણ–૫
# રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની કેટલીક પ્રવૃત્તિ હાથ ધરવા મંજૂરી

૧૯(૧) કલમ–૩ની પેટા કલમ–૨ માં સંદર્ભિત કોઈપણ વ્યકિત કે જે ભારતમાં ઉપલબ્ધ કોઈપણ જૈવિક સાધનો કે તે સાથે સંબંધિત જ્ઞાન કે શોધ વાણિજિયક ઉપયોગ માટે કે જૈવિક સર્વે માટે અને જૈવિક ઉપયોગીતા માટે જૈવિક સંસાધન સંબંધી ભારતમાં કે ભારત બહાર ઉપલબ્ધ કરવા માંગતો હોય તે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને જરૂરી ફી ભરીને અરજી કરી શકશે.

(૨) એવી વ્યકિત કે જે ભારતમાં કે ભારત બહાર કલમ–૬ની પેટા કલમ–૧માં સંદર્ભિત કોઈપણ પેટન્ટ કે કોઈપણ સ્વરૂપે બૌધિક મિલકતો રક્ષણ અંગે અરજી કરવા માંગતો હોય તે નિર્દિષ્ટ પત્રકમાં અને નિર્દિષ્ટ રીતે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અરજી કરી શકશે.

(૩) પેટા કલમ–૧ કે પેટા કલમ–૨ હેઠળ પ્રાપ્ત અરજી મળતાં રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ તેને જરૂરી જણાય તેવી તપાસ હાથ ધરીને અને આ હેતુ માટે નિયુકત નિષ્ણાત સમિતિ સાથે પરામર્શ કરીને હુકમ દ્વારા આ સંદર્ભમાં બનાવેલ નિયમોને જોગવાઈઓને આધિન અને જરૂરી જણાય

તેવી શરતો, બોલીઓને આધિન કે જેમાં રોયલ્ટી લાદવાનો પણ સમાવેશ થઈ જાય છે, મંજૂરી આપશે, અથવા તો લેખિતમાં કારણો નોંધીને અરજી રદ કરશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે આ રીતે અરજી રદ કરવા અંગેનો કોઈ હુકમ અસરકારક વ્યક્તિને સાંભળવાની તક આપ્યા વગર પસાર કરવામાં આવશે નહિ.

(૪) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ આ કલમ હેઠળ તેણે આપેલ મંજૂરી અંગે જાહેર નોટીસ આપશે.

**<u>જૈવિક સાધનો કે જ્ઞાનની તબદીલી:</u>**

૨૦(૧) કલમ–૧૯ હેઠળ જેને મંજૂરી આપવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત જૈવિક સાધનો કે તેની સાથે સંલગ્નિત જ્ઞાન કે જે સદર મંજૂરીની વિષયવસ્તુ હોય તેની તબદીલી રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની મંજૂરી વગર કરી શકશે નહિ.

(૨) એવી કોઈપણ વ્યકિત કે જે પેટા કલમ–૧માં સંદર્ભિત કોઈ જૈવિક સાધનો કે તે સાથે સંલગ્નિત જ્ઞાન તબદીલ કરવા માંગતી હોય તે નિર્દિષ્ટ પત્રકમાં નિર્દિષ્ટ રીતે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અરજી કરશે.



(૩) પેટા કલમ–૨ હેઠળ અરજી મળતાં રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ, જરૂરી જણાય તેવી તપાસ કરીને અને આ ઉદેશ્ય માટે નિયુકત નિષ્ણાત સમિતિ સાથે પરામર્શ કરીને હુકમ દ્વારા આ સંદર્ભમાં બનાવેલ નિયમોને જોગવાઈઓને આધિન અને જરૂરી જણાય તેવી શરતો, બોલીઓને આધિન કે જેમાં રોયલ્ટી લાદવાનો પણ સમાવેશ થઈ જાય છે, મંજૂરી આપશે, અથવા તો લેખિતમાં કારણો નોંધીને અરજી રદ કરશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે આ રીતે અરજી રદ કરવા અંગેનો કોઈ હુકમ અસરકારક વ્યકિતને સાંભળવાની તક આપ્યા વગર પસાર કરવામાં આવશે નહિ.

(૪) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ આ કલમ હેઠળ તેણે આપેલ મંજૂરી અંગે જાહેર નોટીસ આપશે.

**<u>રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા સમાન લાભ વહેંચણી અંગે નિર્ણય:</u>**

૨૧(૧) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કલમ–૧૯ હેઠળ મંજૂરી આપતી વખતે કે કલમ–૨૦ હેઠળ મંજૂરી આપતી વખતે એ ચોકકસ કરશે કે એવી શરતો અને બોલીઓ કે જેને આધિન મંજૂરી આપવામાં આવે છે તેમાં જૈવિક સાધનો, તેની આડપેદાશો, સંશોધનો અને તેના ઉપયોગ અને અમલવારી સાથે સંલગ્નિત વ્યવહારો અને તેના સબંધિત જ્ઞાનના લાભોની સમાન વહેંચણી અંગે ચોકકસ જોગવાઈ આવી મંજૂરી

માટે અરજી કરતી વ્યકિત, સ્થાનિક સત્તા મંડળ અને લાભાર્થી વચ્ચેની સ્વીકૃત શરતો અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

(૨) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ આ સંદર્ભમાં જે કાંઈ નિયમ ઘડવામાં આવે તેને આધિન લાભ વહેંચણી કે જેની અસર નીચેના તમામ કે તેનામાંથી કોઈપણને આપવામાં આવશે, નિર્ણય કરશે.

– રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અથવા જયાં લાભાર્થીઓ ઓળખાયેલા હોય ત્યાં તેવા લાભાર્થીઓને બૌદ્ધિક મિલકત અધિકારોની સંયુકત માલિકી આપવા.

– ટેકનોલોજીની તબદીલી.

– ઉત્પાદનનું સ્થળ, સંશોધન અને વિકાસ એકમ એવા વિસ્તારોમાં કે જયાં લાભાર્થીઓને સુદૃઢ જીવનધોરણ, સગવડતાઓ ઉપલબ્ધ બને.

– ભારતીય વૈજ્ઞાનિકોનું સંગઠન, લાભાર્થીઓ અને સ્થાનિક લોકો સાથે જૈવિક સંસાધનો અને જૈવિક સર્વે અને ઉપયોગીતામાં શોધ અને વિકાસ.

– લાભાર્થીઓના માટે સહાય મૂડી ભંડોળ એકત્રિત કરવા અંગે.

– રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને યોગ્ય લાગે તે મુજબ લાભાર્થીઓને નાણાકીય વળતરની ચુકવણી અને બીન નાણાકીય લાભો અંગે.



(૩) જયારે લાભ વહેંચણી મુજબ કોઈ રકમની ચુકવણી અંગે કોઈ હુકમ થયેલ હોય ત્યારે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ તે નાણા રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ ભંડોળમાં જમા કરાવવા નિર્દેશ કરી શકશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે જયાં જૈવિક સાધન કે જ્ઞાન જયાં કોઈ ખાસ વ્યકિત કે વ્યકિતઓના જૂથ કે વ્યવસ્થાતંત્રના કાર્યના પરિણામે હોય ત્યારે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ સદર વ્યકિત કે વ્યકિતઓના જૂથ કે સંસ્થાને કરારની શરતોને આધિન કે તેને યોગ્ય લાગે તેવી યોગ્ય રીતે સીધું તેમને ચૂકવણી કરવા આદેશ કરી શકશે.

(૪) આ કલમના હેતુ માટે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને નિયમો ઘડીને માર્ગદર્શક નીતિ ઘડી કાઢશે.

# પ્રકરણ–૬
# રાજય જૈવિક વૈવિધતા નિગમ

**<u>રાજય જૈવિક વૈવિધતા નિગમની સ્થાપનાઃ</u>**

૨૨(૧)રાજય સરકાર રાજયપત્રમાં જે તારીખ આ સંબંધે નકકી કરે તે તારીખથી સદર સરકાર દ્વારા આ અધિનિયમ હેઠળ એક નિગમ કે જે ................ (રાજયનું નામ) રાજય જૈવિક વૈવિધતા નિગમની સ્થાપના કરશે અને ઓળખાશે.

(૨) આ કલમમાં અન્યથા જે કાંઈ જણાવ્યું હોય તે સિવાય રાજય જૈવિક વૈવિધતા નિગમ કેન્દ્રશાસિત સંબંધી બાબતો માટે કરી શકાશે નહિ. સદર કેન્દ્રશાસિત કેન્દ્ર માટે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ રાજય જૈવિક વૈવિધતા નિગમની ફરજો અને અધિકારો અમલી કરશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, કોઈ કેન્દ્રશાસિત પ્રદેશના સંબંધે, રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ તેના કોઈપણ ફરજો કે અધિકારો આ કલમ હેઠળના એવી કોઈપણ વ્યકિત કે વ્યકિતઓના જૂથ જે કેન્દ્ર સરકાર નિર્દિષ્ટ કરે તેને સોંપણી કરી શકશે.

(૩) નિગમ ઉપરોકત નામથી કોર્પોરેટ નિગમ તરીકે અને સ્વતંત્ર છાપથી કામ કરશે અને મિલકત ધારણ કરવાનો, નિકાલ કરવાનો, કરાર કરવાનો અને સદર નામથી અને નામ દ્વારા દાવાદુવી કરવાનો અધિકાર ધરાવશે.



(૪) નિગમ નીચે મુજબના સભ્યોનું બનેલું રહેશે.

(એ) પ્રમુખ, જે રાજય સરકાર દ્વારા નિયુકત કરવામાં આવશે અને તે એવી અગ્રગણી વ્યકિત હશે કે જે જૈવિક વૈવિધતા અંગેની બાબતોમાં સંરક્ષણ અને ટકાઉતા અંગે જ્ઞાન અને અનુભવો હોય તેમજ લાભોના સમવેચાણની બાબતોમાં જાણકારી હોય.

(બી) પાંચથી વધુ નહિ તેટલા એકસ ઓફિશીયો સભ્ય કે જેની નિમણૂંક રાજય સરકાર, સરકારના સંબંધિત મંત્રાલયોના પ્રતિધિત્વ માટે કરશે.

(સી) પાંચ બિન અધિકારી સભ્યો જૈવિક વૈવિધતા સંરક્ષણ, જૈવિક સાધનોમાંથી ઉદભવતા લાભોની સમવહેંચણી અને જૈવિક સંસાધનોના ટકાઉ ઉપયોગ અંગેની બાબતોમાં ખાસ જ્ઞાન કે જાણકારી ધરાવતા વૈજ્ઞાનિકોમાંથી, ઉદ્યોગના પ્રતિનિધિઓ, સંરક્ષકો, જૈવિક સંસાધનોના સર્જકો અને જ્ઞાન ધરાવનારાઓમાંથી પાંચ વ્યકિતઓની નિમણૂંક સભ્ય તરીકે કરવાની રહેશે.

(૫) રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળનું મુખ્ય મથક, રાજય સરકાર રાજયપત્રમાં નિયુકત કરે તે મુજબનું રહેશે.

**<u>રાજય જૈવિક વૈવિધતા નિગમના કાર્યો</u>**

૨૩(એ) રાજય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક નીતિ મુજબ, જૈવિક વૈવિધતા સંરક્ષણને લગતી બાબતો, તેના અંગોના ટકાઉ ઉપયોગ અને જૈવિક સંસાધનોના ઉપયોગમાંથી ઉપલબ્ધ લાભોની સંવહેંચણી અંગે સલાહ.

(બી) ભારતીય દ્વારા જૈવિક સંસાધનોનો વાણિજિયક ઉપયોગ માટે કે જૈવિક સર્વે અને જૈવિક ઉપયોગીતા માટે મંજૂરીની પ્રક્રિયાનું નિયમન કરવા.

(સી) આ અધિનિયમની જોગવાઈઓની અમલવારી માટે કે રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે અંગે જરૂરી તમામ કૃત્યો કરવા.

**<u>રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના કેટલીક પ્રવૃત્તિઓ અટકાવવાના અધિકારો બાબતે:</u>**

૨૪(૧) કોઈપણ ભારતીય નાગરિક કે કોર્પોરેટ એકમ કે વ્યવસ્થાતંત્ર કે સંગઠન કે જે ભારતમાં નોંધાયેલું હોય અને કલમ–૭ હેઠળ કોઈપણ પ્રવૃત્તિ હાથ ધરવા માંગતું હોય તે રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ પત્રકમાં રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અગાઉથી માહિતી આપશે.

(૨) પેટા કલમ–૧ હેઠળની માહિતી મળતા રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ સ્થાનિક સંબંધિત સત્તા મંડળ સાથે પરામર્શ કરીને અને તેના સંરક્ષણ માટે જરૂરી જણાય તેવી તપાસ કરીને જો યોગ્ય લાગે તો હુકમ દ્વારા, જો તેના મત મુજબ સદર પ્રવૃત્તિ જૈવિક વૈવિધતાના સંરક્ષણ માટે કે આવી પ્રવૃત્તિમાંથી ઉપલબ્ધ લાભની સંવહેંચણી માટે નુકસાનકારક કે વિરોધાભાસી હોય તો તેને પ્રતિબંધિત કે નિયંત્રિત કરવા આદેશ કરી શકશે.



એવી જોગવાઈ કરવામાં આવે છે કે આવો કોઈ હુકમ અસરકર્તા વ્યકિતને સાંભળ્યા વગર કરવામાં આવશે નહિ.

(૩) પેટા કલમ–૧માં સંદર્ભિત પત્રકમાં આપેલ કોઈ માહિતી કે જે પૂર્વ માહિતી તરીકે આપવામાં આવી હશે તેને ગુપ્ત રાખવામાં આવશે અને તેને ઈરાદાપૂર્વક કે ઈરાદા વગર તે સાથે સંબંધ ન હોય તેવી વ્યકિત સમક્ષ જાહેર કરવામાં આવશે નહિ.

રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને કલમ–૯થી ૧૭ની જોગવાઈઓ સુધારા સાથે લાગુ પડશે.

૨૫. કલમ–૯ થી ૧૭ની જોગવાઈઓ રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને લાગુ પડશે અને નીચે મુજબના સુધારાઓને આધિન અમલી રહેશે.

(એ) કેન્દ્ર સરકારને સંદર્ભનો અર્થ અહી રાજય સરકારને સંદર્ભ ગણવાનો રહેશે.

(બી) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને સંદર્ભનો અર્થ અહી રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ ગણવાનો રહેશે.

રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને કલમ–૯થી ૧૭ની જોગવાઈ સુધારા સાથે લાગુ પડશે.

(સી) ભારતીય કોન્સોલીટેડ ભંડોળનો સંદર્ભ અને રાજય કોન્સોલીટેડ ભંડોળને સંદર્ભ ગણવાનો રહેશે.



# પ્રકરણ–૭
# રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના નાણાં હિસાબો અને અન્વેષણ

**કેન્દ્ર સરકાર દ્વારા અનુદાન અને કરજ**

૨૬. કેન્દ્ર સરકાર, આ અંગે સંસદ દ્વારા કાયદાથી જરૂરી જોગવાઈ કર્યા બાદ રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અનુદાન તરીકે કે કરજ તરીકે, કેન્દ્ર સરકાર આ અધિનિયમના હેતુઓના ઉપયોગ માટે જરૂર જણાય તેટલી રકમ ચુકવી શકશે.

**રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા ભંડોળનું બંધારણ**

૨૭(૧) એક ભંડોળ કે જેનું નામ રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા ભંડોળ રહેશે, ગઠન કરવામાં આવશે અને તેમાં રકમો જમા કરાશે.

૧. કોઈપણ અનુદાન કે કરજ કે જે કલમ–૨૬ હેઠળ રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને આપવામાં આવેલ હોય.

૨. આ અધિનિયમ હેઠળ રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને મળેલ

તમામ લાગાઓ અને રોયલ્ટીઝ.

૩. કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અન્ય સાધનો દ્વારા રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને મળવાપાત્ર તમામ રકમ.

(૨) આ ભંડોળનો ઉપયોગ,–

– લાભાર્થી દાવેદારોને લાભો ઉપલબ્ધ બનાવવામાં,

– જૈવિક સંસાધનોને ઉત્તેજન અને સંરક્ષણ અને એવા વિસ્તારો કે જયાંથી જૈવિક સંસાધનો કે તે સાથે સંલગ્ન જ્ઞાન ઉપલબ્ધ બનેલ હોય તેના વિકાસ માટે,

– સંબંધિત સ્થાનિક સત્તા મંડળ સાથે પરામર્શ કરીને ઉપરોકત જોગવાઈ–બી માં સંદર્ભિત કરેલ વિસ્તારના સામાજિક–આર્થિક વિકાસ માટે,

**રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળનો વાર્ષિક અહેવાલ**

૨૮. રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ નિર્દિષ્ટ કરેલા પત્રકમાં અને નિર્દિષ્ટ સમયે દરેક હિસાબી વર્ષમાં નિર્દિષ્ટ કરેલી રીતે તેનો વાર્ષિક અહેવાલ અગાઉના હિસાબી વર્ષમાં કરેલ પ્રવૃત્તિઓનો પૂરો હિસાબ તૈયાર કરશે અને નિર્દિષ્ટ કર્યા મુજબની તારીખ પહેલા કેન્દ્ર સરકારને તેની અન્વેષણ નકલ અને અન્વેષણ અહેવાલ સાથે સુપરત કરશે.



**અંદાજપત્ર, હિસાબો અને અન્વેષણ**

૨૯(૧) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અંદાજપત્ર તૈયાર કરશે, જરૂરી હિસાબો અને અન્ય સંબંધિત દફતરો (રાષ્ટ્રીય જૈવિક વિવિધતા ભંડોળના હિસાબો અને અન્ય જરૂરી દફતરો સહિત) જાળવશે અને કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલ સાથે પરામર્શ કરીને તૈયાર કરશે.

(૨) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના હિસાબોનું ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા તેમની દ્વારા નકકી કરવામાં આવેલ અંતરે અન્વેષણ કરવામાં આવશે અને આવા અન્વેષણ અંગે થયેલ કોઈ ખર્ચ રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલને ચૂકવી આપવામાં આવશે.

(૩) ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલ અને તેના દ્વારા નિયુકત કોઈ વ્યકિત કે જે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના હિસાબોના અન્વેષણ માટે નિયુકત કરવામાં આવેલ હોય તેને આવા અન્વેષણ બાબતે કમ્પટ્રોલર અને ઓડિટર જનરલને સામાન્ય રીતે સરકારી હિસાબોના અન્વેષણ બાબતે જે અધિકારો અને વિશેષ અધિકારોને સત્તા રહેશે અને ખાસ કરીને ચોપડાઓ, હિસાબો, સંબંધિત વાઉચરો અને અન્ય પત્રકો અને

કાગળો રજૂ કરાવવાનું અને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળની કોઈપણ કચેરીની ચકાસણી કરવાનો અધિકાર રહેશે.

(૪) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ તેના વાર્ષિક હિસાબો કે જે ભારતના કમ્પટ્રોલર અને ઓડિટર જનરલ કે તેમના દ્વારા નિયુકત વ્યકિત દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હિસાબો અને તે અંગેનો અન્વેષણ અહેવાલ કેન્દ્ર સરકારને સુપરત કરશે.

**<u>વાર્ષિક અહેવાલ સંસદ સમક્ષ રજૂ કરવા બાબતે.</u>**

૩૦. કેન્દ્ર સરકાર વાર્ષિક અહેવાલ અને અન્વેષકનો અહેવાલ, સરકારને મળ્યા બાદ, શકય તેટલી ત્વરાએ દરેક સંસદગૃહમાં રજૂ કરશે.



# પ્રકરણ–૮
# રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના નાણાં હિસાબો અને અન્વેષણ

**<u>રાજય સરકાર દ્વારા રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અનુદાન</u>**

૩૧. રાજય સરકાર, આ અંગે ધારાસભા દ્વારા કાયદાથી જરૂરી જોગવાઈ કર્યા બાદ રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને અનુદાન તરીકે કે કરજ તરીકે, રાજય સરકારને યોગ્ય લાગે તે આ અધિનિયમના હેતુઓના ઉપયોગ માટે જરૂર જણાય તેટલી રકમ ચુકવી શકશે.

**<u>રાજય જૈવિક વૈવિધતા ભંડોળનું બંધારણ</u>**

૩૨(૧) એક ભંડોળ કે જેનું નામ રાજય જૈવિક વૈવિધતા ભંડોળ રહેશે, ગઠન કરવામાં આવશે અને તેમાં રકમો જમા કરાશે.

– કોઈપણ અનુદાન કે કરજ કે જે કલમ–૩૧ હેઠળ રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને આપવામાં આવેલ હોય.

– આ અધિનિયમ હેઠળ રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને મળેલ તમામ લાગાઓ અને રોયલ્ટીઝ.

– રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અન્ય સાધનો દ્વારા રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને મળવાપાત્ર તમામ રકમ.

(૨) આ રાજય જૈવિક વૈવિધતા ભંડોળનો ઉપયોગ,–

– વારસાગત સ્થળોની જાળવણી અને સંરક્ષણ માટે,

– કલમ–૩૭ની પેટા કલમ–૧ હેઠળના જાહેરનામાથી આર્થિક રીતે અસરગ્રસ્ત લોકોને વળતર આપવા માટે કે તેમના પુનઃવસન માટે,

– જૈવિક સંસાધનોને ઉત્તેજન અને જાળવણી માટે,

– સંબંધિત સ્થાનિક સત્તા મંડળ સાથે પરામર્શ કરીને કલમ–૨૪ હેઠળ કરવામાં આવેલ હુકમને આધિન એવા વિસ્તારો કે જયાંથી આવા જૈવિક સંસાધનો કે તેની સાથે સંલગ્ન જ્ઞાન ઉપલબ્ધ બનેલ હોય, તેવા વિસ્તારોના સામાજિક–આર્થિક વિકાસ માટે,

– આ અધિનિયમથી અધિકૃત હેતુઓની પૂર્તિ માટે જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે,

**<u>રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળનો વાર્ષિક અહેવાલ</u>**

૩૩. રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ નિર્દિષ્ટ કરેલા પત્રકમાં અને નિર્દિષ્ટ સમયે દરેક હિસાબી વર્ષમાં નિર્દિષ્ટ કરેલી રીતે તેનો વાર્ષિક અહેવાલ અગાઉના હિસાબી વર્ષમાં કરેલ પ્રવૃત્તિઓનો પૂરો હિસાબ તૈયાર કરશે અને નિર્દિષ્ટ કર્યા મુજબની તારીખ પહેલા રાજય સરકારને તેની અન્વેષણ નકલ અને અન્વેષણ અહેવાલ સાથે સુપરત કરશે.



**<u>રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના અંદાજપત્ર, હિસાબો અને અન્વેષણ</u>**

૩૪. રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અંદાજપત્ર તૈયાર કરશે, જરૂરી હિસાબો અને અન્ય સંબંધિત દફતરો જાળવશે અને રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં રાજય સરકારને, રાજયના મુખ્ય હિસાબી અધિકારી સાથે પરામર્શ કરીને તૈયાર કરશે અને અન્વેષણ અહેવાલ સાથે રજૂ કરશે.

**<u>રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના વાર્ષિક અહેવાલ વિધાનસભા સમક્ષ રજૂ કરવા બાબતે.</u>**

૩૫. રાજય સરકાર વાર્ષિક અહેવાલ અને અન્વેષકનો અહેવાલ, સરકારને મળ્યા બાદ, શકય તેટલી ત્વરાએ દરેક વિધાનસભામાં રજૂ કરશે.

# પ્રકરણ–૯
# કેન્દ્ર અને રાજય સરકારની ફરજો

**જૈવિક વૈવિધતાના સંરક્ષણ વિગેરે માટે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય નીતિ, આયોજન કરવા બાબતે.**

૩૬(૧) કેન્દ્ર સરકાર જૈવિક વૈવિધતાની જાળવણી, ઉત્તેજન અને ટકાઉ ઉપયોગ માટે રાષ્ટ્રીય નીતિ, આયોજન અને કાર્યક્રમોનો વિકાસ કરશે, જેમાં જૈવિક સંસાધનોની દ્રષ્ટિએ સબળ વિસ્તારોની ઓળખ અને નિયંત્રણ, સીતુ અને એકસ સીતુને ઉત્તેજન, જૈવિક સંસાધનોનું સંરક્ષણ, સંશોધન, તાલીમ અને જાહેર શિક્ષણ જૈવિક વૈવિધતા સંબંધે જાગૃતિ કેળવવા માટે લાભ યોજનાઓનો સમાવેશ થાય છે.

(૨) જયાં કેન્દ્ર સરકારને એવું માનવાને કારણ હોય કે જૈવિક વૈવિધતા, જૈવિક સંસાધનો અને તેના ખાદ્ય પદાર્થોની દ્રષ્ટિએ કોઈ સબળ વિસ્તારને વધુ ઉપયોગ, દુરૂપયોગ કે નિષ્કાળજીને કારણે ખતરો છે તો તે સંબંધિત રાજય સરકારને તાત્કાલિક સુધારાત્મક પગલાંઓ લેવા આવી રાજય સરકારોને જરૂરિયાતને પહોંચી વળવા જરૂરી મદદ આપવી જરૂરી હોઈ તે પૂરી પાડીને પગલાં લેવા આદેશ કરશે.



(૩) કેન્દ્ર સરકાર વ્યવહારૂ હશે તે મુજબ અને જરૂરી લાગે તે રીતે જૈવિક વૈવિધતાનો સંબંધિત ક્ષેત્રિય કે ક્રોસ ક્ષેત્રિય આયોજનોમાં કાર્યક્રમો અને નીતિઓમાં સંરક્ષણ, ઉત્તેજન અને ટકાઉ ઉપયોગના સંકલન માટે પ્રયાસ કરશે.

(૪) કેન્દ્ર સરકાર પગલાંઓ લેશે...

– જયાં જરૂર જણાય ત્યાં સદર યોજના કે જે જૈવિક વૈવિધતાને વિપરિત અસર પહોંચાડે તેવી હોય તેવી યોજનાઓની અસરો દૂર કરવા કે અટકાવવા પર્યાવરણીય અસરો સંદર્ભે આકારણી કરશે અને તેમાં જાહેર ભાગીદારી અંગે આયોજન કરશે.

– બાયોટેકનોલોજીમાંથી પરિણમતા સુધારેલા અંગીકરણ કે જે ઉપયોગ અને મુકિતને કારણે ઉભા થતા હોય અને જૈવિક વૈવિધતા અને માનવીય આરોગ્યને સંરક્ષણ અને સુદ્રઢ ઉપયોગને વિપરિત અસર પહોંચાડતા હોય તેની સામે નિયમન, સંચાલન અને પગલાં લેશે.

(૫) કેન્દ્ર સરકાર જૈવિક વૈવિધતા સંબંધે સ્થાનિક લોકોના જ્ઞાનનો આદર કરશે અને રક્ષણ પૂરું પાડશે અને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા ભલામણ કર્યા મુજબના પગલાંઓથી કે જેમાં આવા જ્ઞાનની સ્થાનિક, રાજય કે રાષ્ટ્રીય સ્તરે નોંધણી અને અન્ય પગલાંઓ જેવા કે,– સંરક્ષણ જેમાં **સુઈ જેનરિસ પદ્ધતિ**નો સમાવેશ થાય છે તે અંગે પગલાં લેશે.

**<u>આ કલમ સંદર્ભે ખુલાસોઃ</u>**

– "એકસ સીતુ કન્વર્ઝેશન" એટલે જૈવિક વૈવિધતાના અંગોનું તેના કુદરતી ખોરાકની બહાર સંરક્ષણ

– "ઈન સીતુ કન્વર્ઝેશન" એટલે ઈકો પદ્ધતિ અને કુદરતી ખોરાકનું સંરક્ષણ અને જાળવણી અને કુદરતી વિસ્તારમાં વિવિધ જાતોનું પુનઃસર્જન અને સ્થાનિક કે કેળવેલ જાતોના કિસ્સામાં તેઓએ જયાં નિર્દિષ્ટ મિલકતો ઉભી કરેલ હોય ત્યાં જાળવણી.

**<u>જૈવિક વૈવિધતા વારસાઈ સ્થળોઃ</u>**

૩૭(૧) જે તે વખતે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાને પૂર્વગ્રહિત કર્યા વગર રાજય સરકાર વખતોવખત સ્થાનિક સંસ્થાઓ સાથે પરામર્શ કરીને રાજયપત્રમાં આ અધિનિયમ હેઠળ જૈવિક વૈવિધતા વારસાઈ સ્થળો તરીકે જૈવિક વૈવિધતા મહત્વ ધરાવતા સ્થળોને જાહેર કરી શકશે.

(૨) રાજય સરકાર કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરીને તમામ વારસાઈ સ્થળોની જાળવણી અને સંચાલન માટે નિયમો ઘડી શકશે.

(૩) રાજય સરકાર આવા જાહેરનામાથી અસરગ્રસ્ત વ્યકિત કે લોકોને વળતર આપવા માટે કે પુનઃવસિત કરવા માટે યોજનાઓ ઘડશે.



**<u>જોખમી જાતોને ઘોષિત કરવાના કેન્દ્ર સરકારના અધિકારોઃ</u>**

૩૮. જે તે વખતે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓને પૂર્વગ્રહિત કર્યા વગર કેન્દ્ર સરકાર સંબંધિત રાજય સરકાર સાથે પરામર્શ કરીને વખતોવખત એવી જાતો કે જે નષ્ટ થવામાં હોય કે નજીકના ભવિષ્યમાં નષ્ટ થવા લાયક હોય કે અસ્તિત્વ જોખમમાં હોય તેને તે અંગે જાહેરનામું બહાર પાડીને તેના કોઈપણ ઉપયોગ માટે એકત્રિકરણ ઉપર પ્રતિબંધ લાદી શકે કે નિયમન કરીને આવી જાતોની જાળવણી કે પુનઃવસન માટે યોગ્ય પગલાંઓ લઈ શકશે.

**<u>કેન્દ્ર સરકારના ભંડાર ઘોષિત કરવાના કારણો.</u>**

૩૯(૧) કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ સાથે પરામર્શ કરીને વિવિધ પ્રકાના જૈવિક સંસધાનો માટે આ અધિનિયમ હેઠળ સંસ્થાઓને ભંડાર તરીકે ઘોષિત કરી શકે.

(૨) આવા ભંડારો વાઉચર, નમૂનાઓ કે જે તેમની પાસે જમા કરાવવામાં આવે તે સહિતના જૈવિક બાબતોને સલામત રીતે રાખશે.

(૩) કોઈપણ વ્યકિત દ્વારા શોધાયેલ નવી ટેક્ષોન ભંડારો કે આ હેતુ માટે ઘોષિત સંસ્થામાં જાહેર કરવામાં આવશે અને આવો વાઉચર નમૂનો સદર રીપોઝીટરી કે સંસ્થામાં જમા કરાવવામાં આવશે.

**<u>કેટલીક જૈવિક સંસાધનોને મુક્તિ આપવાના કેન્દ્ર સરકારના અધિકારો.</u>**

૪૦. આ અધિનિયમમાં અન્યથા જે કાંઈ જણાવ્યું હોય કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ સાથે પરામર્શ કરીને રાજયપત્રમાં જાહેરનામુ બહાર પાડીને એવી જાહેરાત કરી શકે કે માલ તરીકે સામાન્ય રીતે વિક્રય થતા જૈવિક સંસાધનો સહિતની કોઈપણ વસ્તુઓને આ અધિનિયમની જોગવાઈઓ લાગુ પડશે નહિ.



# પ્રકરણ–૧૦
# જૈવિક વૈવિધતા સંચાલન સમિતિઓ

**<u>જૈવિક વૈવિધતા સંચાલન સમિતિનું બંધારણ</u>**

૪૧(૧) દરેક સ્થાનિક મંડળ તેના વિસ્તારમાં જૈવિક વૈવિધતાના સંરક્ષણને ઉત્તેજન આપવા, ટકાઉ ઉપયોગ અને દસ્તાવેજીકરણના હેતુસર ખોરાક, જાળવણી, સંરક્ષણ અને જમીન જાતો, ફોક જાતો અને સ્થાનિક જથ્થો અને ઉછેર તેમજ જૈવિક વૈવિધતા સંબંધિત ગ્રાન્ટ બાબતે રચના કરી શકશે.

**<u>આ પેટા કલમના હેતુ માટે ખુલાસો:</u>**

– "કલ્ટીવેટર (ખેડૂત)" એટલે કે છોડવાઓની જાત કે જે મૂળમાંથી ઉગેલ છે અને જળવાયેલ છે અને જેનો ઉછેર કેળવણીના હેતુ માટે થયેલો છે.

– "ફોક વેરાઈટી" એટલે કે છોડવાઓની ખેડેલ જાત કે જેનો વિકાસ અનૌપચારિક રીતે ખેડૂતોમાં બદલાવથી પામેલ હોય.

– "લેન્ડરેસ" એટલે કે પ્રાચિન ખેડૂતો અને તેના દ્વારા વિકાસ કરવામાં આવેલ આદિવાસી કેળવણી પદ્ધતિ.

(૨) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અને રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ જૈવિક સંસાધનો અને આવા સંસાધનો સાથે સંકળાયેલ જ્ઞાન કે જે જૈવિક વૈવિધતા સંસાલન સમિતિના સરહદી હકુમતમાં આવતું હોય તેના ઉપયોગ સંબંધી નિર્ણય લેતી વખતે ફરજિયાત રીતે જૈવિક વૈવિધતા સંચાલન સમિતિ પરામર્શ કરશે.

(૩) જૈવિક વૈવિધતા સંચાલન સમિતિ કોઈપણ વ્યકિત પાસેથી કોઈપણ જૈવિક સંસાધન વાણિજિયક ઉપયોગ માટે તેના સરહદી વિસ્તારમાંથી મેળવવા ઈચ્છુક વ્યકિત, સંસ્થા પાસેથી રકમ વસુલ કરી શકશે.



# પ્રકરણ—૧૧
# સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળ

## <u>સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળને અનુદાન</u>

૪૨. રાજય સરકાર રાજય વિધાનસભા દ્વારા આ સંદર્ભે કાયદાથી યોગ્ય પ્રાવધાન કરીને સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળને અનુદાન કે કરજ તરીકે આ અધિનિયમના હેતુઓની પૂર્તિ માટે ઉપયોગમાં લેવા માટે રાજય સરકારને જરૂરી જણાય તે મુજબ રકમ ચુકવશે.

## <u>સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળનું બંધારણ</u>

૪૩(૧) દરેક ઘોષિત વિસ્તારમાં રાજય સરકાર દ્વારા જયાં સ્વરાજયની કોઈ સંસ્થા પ્રવૃત્ત હોય ત્યાં સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળના નામથી એક ભંડોળ ઉભું કરવામાં આવશે અને તેમાં રકમો જમા કરવામાં આવશે.

– કલમ—૪૨ અન્વયે આપવામાં આવેલ કોઈ અનુદાન કે કરજની રકમ.

– રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા આપવામાં આવેલ અનુદાન કે કરજ.

– રાજય જૈવિક વૈવિધતા નિગમ દ્વારા આપવામાં આવેલ કોઈ અનુદાન કે કરજ

– જૈવિક વૈવિધતા સંચાલન સમિતિને કલમ–૪૧ની પેટા કલમ–૩ હેઠળ સંદર્ભિત મળેલ ફીની આવક.

– તમામ રકમો કે જે રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સ્તોત્રોમાંથી મળવપાત્ર હોય તેવી રકમો.

– સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળની અમલવારી.

૪૪(૧) પેટા કલમ–ર ની જોગવાઈને આધિન સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળનો હવાલો અને કયા હેતુ માટે સદર ભંડોળ ઉપયોગમાં લેવાશે તે રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તે રીતે અમલવારી થશે.

(ર) ભંડોળનો ઉપયોગ સદર સ્થાનિક સંસ્થાની હકુમતમાં પડતા વિસ્તારોમાં જૈવિક વૈવિધતાને ઉત્તેજન અને સંરક્ષણના ઉપયોગ માટે અને જયાં સુધી સદર ઉપયોગ જૈવિક વૈવિધતાના સંરક્ષણ સાથે સુમેળ ધરાવતો હોય ત્યાં સુધી વિસ્તારના લોકોના લાભ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

## જૈવિધ વૈવિધતા સંચાલન સમિતિનો વાર્ષિક અહેવાલ

૪૫. સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળનો હવાલો ધરાવતી વ્યકિત નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં વર્ષાન્તે નિર્દિષ્ટ સમયે તેનો વાર્ષિક અહેવાલ આગલા વર્ષની પ્રવૃત્તિના સંપૂર્ણ અહેવાલ સાથે તૈયાર કરશે અને તે સંબંધિત સ્થાનિક સંસ્થાને સુપરત કરશે.



## જૈવિક વૈવિધતા સંચાલન સમિતિનું અન્વેષણ

૪૬. સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળના હિસાબો રાજયના મુખ્ય હિસાબનીશ સાથે પરામર્શમાં નિર્દિષ્ટ કર્યા મુજબ તૈયાર કરવામાં આવશે અને તેનું અન્વેષણ કરવામાં આવશે અને સદર સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળનો હવાલો ધરાવતી વ્યકિત સદર સ્થાનિક સંસ્થાને નિર્દિષ્ટ મુજબની તારીખ કર્યા પહેલા હિસાબોનું અન્વેષણ કરેલ નકલ સાથે અન્વેષકના અહેવાલ સાથે રજૂ કરશે.

જૈવિક વૈવિધતા સમિતિના વાર્ષિક અહેવાલો જિલ્લા ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવાના રહેશે.

૪૭. દરેક સ્થાનિક સંસ્થા કે જે કલમ–૪૧ની પેટા કલમ–૧ નીચે જૈવિક વૈવિધતા સંચાલન સમિતિ ઘડેલ હોઈ તે તેનો વાર્ષિક અહેવાલ અને અન્વેષણ કરેલ વાર્ષિક હિસાબો, અન્વેષકના અહેવાલ સહિતના કે જે કલમ–૪૫ અને કલમ–૪૬માં સંદર્ભિત કરવામાં આવેલ છે તે મુજબ સંબંધિત સમિતિના અનુસંધાને સદર વિસ્તારની સ્થાનિક સમિતિ જે જિલ્લા ન્યાયાધીશની હકુમતમાં પડતી હોય તેમની સમક્ષ રજૂ કરવાના રહેશે.

# પ્રકરણ–૧૨
# પરચુરણ

**રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ આદેશો બંધનકર્તા.**

૪૮(૧) આ અધિનિયમની ઉપરોકત જોગવાઈઓને પૂર્વગ્રહિત કર્યા સિવાય રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ તેની ફરજો અને અધિકારોની આ અધિનિયમની જોગવાઈઓ હેઠળની બજવણીમાં કેન્દ્ર સરકાર વખતોવખત નીતિ વિષયક બાબતો અંગે જે આદેશો લેખિતમાં કરે તેને અનુસરવા બંધાયેલ છે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે જયાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને આ પેટા નિયમ હેઠળ આદેશ આપાવમાં આવે તે પહેલા તેનો મત વ્યકત કરવાની તક આપવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારનો નિર્ણય પછી તે નીતિ વિષયક બાબતે હોય કે નહિ આખરી અને બંધનકર્તા ગણાશે.



**રાજય સરકારના આદેશ આપવાના અધિકારો:**

૪૯(૧) આ અધિનિયમની ઉપરોકત જોગવાઈઓને પૂર્વગ્રહિત કર્યા સિવાય રાજય જૈવિક વૈવિધતા નિગમ તેની ફરજો અને અધિકારોની આ અધિનિયમની જોગવાઈઓ હેઠળની બજવણીમાં રાજય સરકાર વખતોવખત નીતિ વિષયક બાબતો અંગે જે આદેશો લેખિતમાં કરે તેને અનુસરવા બંધાયેલ છે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે જયાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળને આ પેટા નિયમ હેઠળ આદેશ આપાવમાં આવે તે પહેલા તેનો મત વ્યકત કરવાની તક આપવામાં આવશે.

(૨) રાજય સરકારનો નિર્ણય પછી તે નીતિ વિષયક બાબતે હોય કે નહિ આખરી અને બંધનકર્તા ગણાશે.

**રાજય જૈવિક વૈવિધતા નિગમો વચ્ચેના વિવાદોની પતાવટ:**

૫૦(૧) જો રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અને રાજય જૈવિક વૈવિધતા નિગમ વચ્ચે વિવાદ ઉપસ્થિત થાય તો સદર સત્તા મંડળ કે નિગમ જે હોય તે કેન્દ્ર સરકાર સમક્ષ નિર્દિષ્ટ કરેલ સમય મર્યાદામાં અપીલ રજૂ કરી શકશે.

(૨) કલમ–૧ હેઠળ કરવામાં આવેલ દરેક અપીલ કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ પત્રકમાં કરવાની રહેશે.

(૩) અપીલ નિકાલ અંગેની પ્રક્રિયા કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ પત્રકમાં કરવાની રહેશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે અપીલનો નિકાલ કરતા પહેલા પક્ષકારોને સુનાવણીની વ્યાજબી તક આપવામાં આવશે.

(૪) જો વિવાદ રાજ્ય જૈવિક વૈવિધતા નિગમો વચ્ચે ઉપસ્થિત થાય તો કેન્દ્ર સરકાર તે વિવાદને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને મોકલી આપશે.

(૫) કલમ–૪ હેઠળનો વિવાદ ન્યાય નિર્ણય કરતી વખતે રાષ્ટ્રીય જૈવિક

વૈવિધતા સત્તા મંડળ કુદરતી ન્યાયના સિદ્ધાંતો મુજબ વર્તશે અને કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ પ્રક્રિયા અનુસરીને અપીલનો નિકાલ કરશે.

(૬) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળને આ કલમ હેઠળ તેના કાર્યોની બજવણી માટે દિવાની અદાલતને દિવાની કાયદાની કાર્યવાહીના કાયદાઓ ૧૯૦૮ હેઠળ નીચે મુજબની બાબતો અંગે પ્રાપ્ત અધિકારો જેવા જ અધિકારો રહેશે.

– કોઈપણ વ્યક્તિને હાજર રહેવાની ફરજ પાડવાની અને તેને સોગંદ ઉપર તપાસવાની.



– દસ્તાવેજો અને અગત્યની વસ્તુઓ રજૂ કરવા ફરજ પાડવાની.

– સોગંદનામા ઉપર પુરાવો સ્વીકારવા બાબતે.

– સાક્ષીઓ તપાસવા માટે કમિશનો કાઢવાની.

– તેના નિર્ણયોની પુનઃ વિચારણા કરવાની, હાજર ન રહેવા બદલ અરજી રદ કરવાની કે પક્ષકારોની હાજરી વગર નિકાલ કરવાની.

– પક્ષકારોની ગેરહાજરીને કારણે કે પક્ષકારોની ગેરહાજરીમાં અરજી રદ કરતો કોઈપણ હુકમ રદ કરવાની.

– નિર્દિષ્ટ કર્યા મુજબની અન્ય બાબતે.

(૭) રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ સમક્ષની દરેક કાર્યવાહી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૯૬ના હેતુ માટે કલમ–૧૯૩ અને ૨૨૮ મુજબ ન્યાયકીય કાર્યવાહી ગણાશે અને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ના પ્રકરણ–૨૬ની કલમ–૫ના હેતુ માટે દિવાની અદાલત ગણાશે.

રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અને રાજ્ય જૈવિક વૈવિધતા સત્તા મંડળના સભ્યો, અધિકારીઓ વિગેરે જાહેર સેવક ગણાશે.

૫૧. રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા નિગમના તમામ સભ્યો, અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ જયારે આ અધિનિયમની કોઈપણ જોગવાઈ હેઠળ કાર્ય કરતા હોય ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૧ મુજબ જાહેર સેવક ગણાશે.

## <u>અપીલ</u>

૫૨. કોઈપણ વ્યકિત કે જે લાભ વહેંચણીના નિર્ણય અંગે કે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા નિગમના આ અધિનિયમ હેઠળની કાર્યવાહીના નિર્ણયથી વ્યથિત હોય તો તે વડી અદાલત સમક્ષ તેને રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અને રાજય જૈવિક વૈવિધતા નિગમ જે હોય તેનો હુકમ મળ્યાના ૩૦ દિવસમાં અપીલ કરી શકશે.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે જો વડી અદાલતને એવો સંતોષ થાય કે યોગ્ય કારણસર અપીલ કરતા નિર્દિષ્ટ સમય મર્યાદામાં અપીલ કરી શકેલ નહિ તો વધુ સમય કે જે ૬૦ દિવસથી વધુ નહિ હોય તેટલી સમય મર્યાદામાં અપીલ રજૂ કરવા મંજૂરી આપી શકશે.

૫૩. <u>નિર્ણય કે હુકમની અમલવારી</u>

લાભ વહેંચણી અંગેના દરેક નિર્ણય કે હુકમ કે જે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ હોઈ કે વડી અદાલત દ્વારા કોઈપણ નિર્ણય કે હુકમ જે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા પસાર કરવામાં આવેલ હોય તેની સામેની અપીલમાં કરવામાં આવેલ હોય તે અંગે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના અધિકારી કે વડી અદાલતના રાજીસ્ટ્રાર જે હોય તે, દ્વારા, કાઢી આપવામાં આવેલ પ્રમાણપત્રને દિવાની અદાલતના ડીક્રી હુકમ તરીકે ગણાશે અને તેની અમલવારી દિવાની અદાલતના ડીક્રીની અમલવારીની પ્રક્રિયા મુજબ જ કરી શકાશે.



**<u>ખુલાસો:</u>** આ કલમ અને કલમ–પરના હેતુ માટે, શબ્દપ્રયોગ "રાજય જૈવિક વૈવિધતા નિગમ"માં વ્યકિત કે વ્યકિતઓનું જૂથ કે જેને કલમ–૨૨ ની પેટા કલમ–૨ હેઠળના કાર્યો કે અધિકારો, તે પેટા કલમની જોગવાઈ હેઠળ સોંપવામાં આવેલ હોય અને આવી વ્યકિત કે વ્યકિતઓના જૂથ સંબંધી આ કલમ હેઠળ આપવામાં આવેલ પ્રમાણપત્ર જે કિસ્સો હોય તે પ્રમાણે કાઢી આપવામાં આવશે.

## <u>શુભ નિષ્ઠાથી લીધેલા પગલાં સામે રક્ષણ</u>

૫૪. કેન્દ્ર સરકાર કે રાજય સરકાર કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કોઈ અધિકારી કે સભ્ય કે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક

વૈવિધતા સત્તા મંડળના અધિકારી કે કર્મચારીના કોઈપણ કૃત્ય કે જે શુભ નિષ્ઠાથી, આ અધિનિયમ હેઠળ કે તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો કે જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલ હોય કે કરવા ધારેલ હોય તે સામે કોઈ દાવો, ફોજદારી કાર્યવાહી કે અન્ય કાનુની કાર્યવાહી ટકી શકશે નહિ.

## દંડ

૫૫(૧) કોઈપણ કે જે કલમ–૩ કે કલમ–૪ કે કલમ–૬ની જોગવાઈઓનો ભંગ કરે, ભંગ કરવા પ્રયત્ન કરે કે ભંગ કરવાના કૃત્યમાં મદદગારી કરે તેને પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેટલી કેદની કે દંડ સાથે કે જેને રૂપિયા ૧૦ લાખ સુધી વધારી શકાય અને જયાં નુકસાન રૂપિયા ૧૦ લાખથી વધુ હોય ત્યાં કરવામાં આવેલ નુકસાનના પ્રમાણમાં કે બંને સજા કરી શકાશે.

(૨) જે કોઈ વ્યકિત કલમ–૭ કે કલમ–૨૪ની પેટા કલમ–૨ હેઠળ કરવામાં આવેલ હુકમનો ભંગ કરે, ભંગ કરવા પ્રયત્ન કરે કે ભંગ કરવામાં મદદગારી કરે તેને ૩ વર્ષ સુધી લંબાવી શકાય તેટલી સજા કે પાંચ લાખ રૂપિયા સુધી વધારી શકાય તેટલો દંડ કે બંને સજા કરી શકાશે.

## કેન્દ્ર સરકાર, રાજય સરકાર, રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ અને રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના હુકમનો અનાદર કરવા બદલ દંડ



૫૬. જો કોઈ વ્યકિત કેન્દ્ર સરકાર, રાજય સરકાર, રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કે રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દ્વારા કરવામાં આવેલ કોઈપણ હુકમનો ભંગ કરે કે જે અંગે આ અધિનિયમમાં અલગથી કોઈ સજા કરવામાં આવેલ ન હોય તેવી વ્યકિતને રૂપિયા ૧ લાખ સુધી વધારી શકાય તેટલી રકમનો દંડ અને જો કોઈ બીજો કે ત્યાર પછીનો ગુનો હોય તો તેવા કિસ્સામાં રૂપિયા ૨ લાખ સુધીનો દંડ અને જો સતત ગુનાહિત કૃત્ય કરતા હોય તો વધારાનો રૂપિયા ૨ લાખ સુધી લાગુ કરી શકાય તેટલો દંડ પ્રતિદિન, જયાં સુધી ગુનાહિત કૃત્ય ચાલુ રહે ત્યાં સુધીના સમયગાળા માટે કરી શકાશે.

## કંપની દ્વારા ગુનાઓ

૫૭(૧) જયારે આ અધિનિયમ હેઠળ ગુનો કે ભંગ કંપની દ્વારા કરવામાં આવેલ હોય, ગુના કે ભંગ વખતે દરેક વ્યકિત કે જેઓ કંપનીનો ધંધો કે વ્યવસાય ચલાવવા માટે અધિકારી હતા અને જવાબદાર હતા તેઓ ગુના માટે કે ભંગ માટે કસુરવાર ગણાશે અને તેમની સામે નિયમ મુજબ સજા કે દંડ થઈ શકશે.

એવી જોગવાઈ કરવામાં આવે છે કે, આ પેટા કલમમાં જણાવેલ કોઈપણ બાબત આ અધિનિયમ હેઠળ જવાબદાર એવી કોઈપણ વ્યકિતને લાગુ પડશે નહિ, જો તે પૂરવાર કરે કે ગૂનો કે ભંગ તેની જાણકારી વગર બનેલ છે અથવા તો તેણે આવો ગૂનો કે ભંગ બનતો અટકાવવા માટે તમામ જરૂરી કાર્યવાહી શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલ છે.

(૨) પેટા કલમ(૧)માં ગમે તે મજકૂર કર્યુ હોય, આ અધિનિયમ હેઠળ ગૂનો કે કસૂર કંપની દ્વારા આચરવામાં આવેલ હોય અને એવું પૂરવાર થાય કે ગૂનો કે કસૂર કોઈ સંચાલક, મેનેજર, મંત્રી કે સદર કંપનીના અન્ય અધિકારીઓની સહમતિ કે મેળાપીપણાંમાંથી કે તેમની બેદરકારીને કારણે બનેલ છે, સદર સંચાલક, મેનેજર, મંત્રી કે અન્ય અધિકારીને પણ ગૂના કે કસૂરના જવાબદાર ગણાશે અને તે મુજબ તેમની સામે કાર્યવાહી કરી શકાશે.

**ખુલાસોઃ આ કલમના સંદર્ભમાં,–**

– "કંપની" એટલે કે સ્વતંત્ર વ્યવસ્થાતંત્ર અને તેમાં પેઢી કે વ્યકિતઓના મંડળનો સમાવેશ થઈ જાય છે.

– "ડાયરેકટર" પેઢીના સંદર્ભમાં પેઢીનો ભાગીદાર.

ગુનાઓ કોગ્નીઝીબલ અને બિન જામીનપાત્ર હોવા જોઈએઃ

૫૮. આ અધિનિયમ હેઠળના ગુનાઓ કોગ્નીઝીબલ અને બિન જામીનપાત્ર ગણાશે. આ અધિનિયમ અન્ય કાયદાઓ ઉપરાંત અસરકારક અને અમલી રહેશે.

૫૯. આ અધિનિયમની જોગવાઈઓ અન્ય કાયદાઓની જોગવાઈઓ ઉપરાંત કે જે વન કે પ્રાણી જીવન સંબંધે અમલમાં હોય અને તેની વિરૂધ્ધમાં ન હોય, અમલી રહેશે.



**<u>કેન્દ્ર સરકારનો, રાજય સરકારને આદેશ કરવાના અધિકાર.</u>**

૬૦. કેન્દ્ર સરકાર કોઈપણ રાજય સરકારને આ અધિનિયમ કે તે હેઠળ ઘડેલા નિયમો કે તે હેઠળ કરવામાં આવેલ હુકમોની અમલવારી કરવા અંગે આદેશ કરી શકશે.

**<u>ગુનાની નોંધ (કોગ્નાઇઝન્સ)</u>**

૬૧. કોઈપણ અદાલત આ અધિનિયમ હેઠળના ગુનાને ધ્યાનમાં લેશે નહિ. સિવાય કે તે અંગે....

એ. કેન્દ્ર સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આ સંબંધે અધિકૃત કરવામાં આવેલ કોઈપણ સત્તા મંડળ કે અધિકારી.

બી. કોઈપણ લાભાર્થી કે જેણે નિયત નમૂનામાં ગુના બાબતે ફરીયાદ કરવા સંદર્ભે ૩૦ દિવસથી ઓછી નહિ તેટલા સમયગાળાની નોટીસ કેન્દ્ર સરકાર કે આ સંદર્ભે અધિકૃત કરવામાં આવેલ સત્તા મંડળ કે અધિકારીને નોટીસ આપેલ હોય.

કાર્યવાહી હાથ ધરી શકશે નહિ.

**<u>કેન્દ્ર સરકારના નિયમો ઘડવાના અધિકારોઃ</u>**

૬૨(૧) કેન્દ્ર સરકાર કેન્દ્ર ઘોષણાપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો ઘડી શકશે.

(૨) ખાસ કરીને અને ઉપરોક્ત અધિકારોની સામાન્યતાને પૂર્વગ્રહિત કર્યા સિવાય સદર નિયમોમાં કોઈ એક કે નીચે મુજબની કોઈપણ બાબતો અંગે જોગવાઈ કરી શકાશે.

– કલમ–૯ હેઠળ પ્રમુખ અને સભ્યોની નોકરીની શરતો બાબત.

– કલમ–૧૦ હેઠળ પ્રમુખની ફરજો, કાર્યો અને અધિકારો બાબત.

– કલમ–૨ ની પેટા કલમ–૧ હેઠળ બેઠકોમાં કાર્યસૂચિ અંગે નિર્ણય લેવા અંગેની અનુસરવાની પ્રક્રિયા બાબતે.

– કલમ–૧૯ની પેટા કલમ–૧ હેઠળ કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે અરજીપત્ર અને ચુકવવાની ફી બાબતે.

– કલમ–૧૯ની પેટા કલમ–૨ હેઠળ કરવાની અરજીનું પત્રક અને રીત અંગે.

– કલમ–૨૦ ની પેટા કલમ–૨ હેઠળ જૈવિક સંસાધનો કે જ્ઞાનની તબદીલી મેળવવા માટે કરવાની અરજી અને પ્રક્રિયા બાબતે.

– કયા પત્રકમાં અને દરેક નાણાંકીય વર્ષના કયા સમયે રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવશે અને કઈ તારીખ પહેલા અન્વેષકના અહેવાલ સાથે, અન્વેષિત હિસાબો કલમ–૨૮ હેઠળ રજૂ કરવામાં આવશે તેની વિગતો.



– કલમ–૨૯ની પેટા કલમ–૧ હેઠળ જે પત્રકમાં વાર્ષિક હિસાબીય અહેવાલ તૈયાર કરવામાં આવશે તેની વિગતો.

– કલમ–૫૦ હેઠળ કયા પત્રકમાં અને કેટલા સમયગાળામાં અપીલ રજૂ કરી શકાય, અપીલની ન્યાય નિર્ણયની પ્રક્રિયા અને અપીલ નિકાલ અંગેની પ્રક્રિયાની વિગતો.

– કલમ–૫૦ની પેટા કલમ–૬ની જોગવાઈ(એચ) હેઠળ રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ દિવાની અદાલતના અધિકારો જેવા અધિકારોનો ઉપયોગ કરી શકે તેવી બાબતો.

– કલમ–૬૧ની જોગવાઈ(બી) મુજબ નોટીસ આપવા અંગેની બાબતો.

– અન્ય કોઈ બાબતો કે જે સંબંધે જોગવાઈ કરવાની હોય કે નિયમો ઘડવાના હોય કે નિર્દિષ્ટ કરવાના હોય તેવી બાબતો.

(૩) આ કલમ હેઠળ ઘડવામાં આવેલ દરેક નિયમ અને આ અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ દરેક જોગવાઈ તે ઘડવામાં આવે કે તરત જ સંસદના દરેક ગૃહ સમક્ષ જયારે સત્ર ચાલુ હોય ત્યારે કે કુલ ૩૦ દિવસના સમયગાળામાં કે જે એક સત્ર કે બે કે બેથી વધુ સત્રો દરમિયાનનો હોય, અને જો સત્રાવસાંત પહેલા તાત્કાલિક હોય તો. સત્ર કે પછીના સત્રમાં ઉપર જણાવ્યું તેમ બંને ગૃહો નિયમ કે જોગવાઈમાં સુધારો કરવા સહમત

થાય કે બંને ગૃહો નિયમ કે જોગવાઈ ઘડવા સંમત ન થાય, નિયમ કે જોગવાઈ સદર સુધારેલા સ્વરૂપે અમલમાં રહેશે કે બીન અસરકારક બની રહેશે. જો કે, આવો કોઈ સુધારો કે રદ કરવાનો નિર્ણય સદર નિયમ કે જોગવાઈ હેઠળ અગાઉ કરવામાં આવેલ કોઈ કૃત્યની માન્યતાને પૂર્વગ્રહિત કર્યા સિવાય રહેશે.

**<u>રાજય સરકારના નિયમો ઘડવાની સત્તા:</u>**

૬૩(૧)રાજય સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી આ અધિનિયમ હેઠળના કાર્યોની બજવણી માટેના નિયમો ઘડી શકશે.

(૨) ખાસ કરીને અને ઉપરોકત જોગવાઈની સામાન્યતાને પૂર્વગ્રહિત કર્યા સિવાય આવા નિયમોમાં નીચે મુજબના તમામ કે તેમાંના કોઈપણ અંગે જોગવાઈ કરી શકાશે.

– કલમ–૨૩ની જોગવાઈ(સી) હેઠળ રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના અન્ય કાર્યો બજાવવા અંગે.

– કલમ–૨૪ની પેટા કલમ(૧) હેઠળ પૂર્વ માહિતી આપવા અંગેનું પત્રક.

– પત્રક કે જેમાં કલમ–૩૩ હેઠળ વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવશે અને દરેક નાણાકીય વર્ષનો સમયગાળા અંગે.



– રાજય જૈવિક વૈવિધતા સત્તા મંડળના હિસાબો તૈયાર કરવા અંગે, તેના અન્વેષણ અંગે અને કલમ–૩૪ હેઠળ સદર વાર્ષિક હિસાબો અન્વેષકના અહેવાલ સહિત અન્વેષિત નકલ રજૂ કરવા અંગે.

– કલમ–૩૭ હેઠળ રાષ્ટ્રીય સ્મારક સ્થળોનું સંચાલન અને સંરક્ષણ અંગે.

– કલમ–૪૪ની પેટા કલમ–૧ હેઠળ સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળના સંચાલન, હવાલો અને સદર ભંડોળ કયા હેતુ માટે ઉપયોગમાં લેવાશે તે અંગેની બાબતો.

– કલમ–૪૫ હેઠળ વાર્ષિક હિસાબનું પત્રક અને દરેક નાણાકીય વર્ષ દરમિયાન તે કયારે તૈયાર કરવામાં આવશે તે અંગેની બાબતો.

– કલમ–૪૬ હેઠળ સ્થાનિક જૈવિક વૈવિધતા ભંડોળના હિસાબો તૈયાર કરવાની, તેના અન્વેષણો તૈયાર કરવાની અને તે તૈયાર કરાયેલા હિસાબો અન્વેષિત નકલ સાથે રજૂ કરવા અંગેની વિગતો અંગે.

– અન્ય બાબતો કે જે દરખાસ્ત કરવાની કે નિર્દિષ્ટ કરવાની હોય.

(૩) રાજય સરકાર દ્વારા આ કલમ હેઠળ ઘડવામાં આવેલ દરેક નિયમ તે ઘડવામાં આવે કે તુરત રાજય વિધાનસભાના બંને ગૃહો સમક્ષ જો તે બે ગૃહોની બનેલી હોય તો કે વિધાનસભા સમક્ષ મુકવામાં આવશે.

**નિયમો ઘડવાની સત્તાઃ**

૬૪. રાષ્ટ્રીય જૈવિક વૈવિધતા સત્તા મંડળ કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી અધિકૃત ગેઝેટમાં જાહેરનામાથી આ અધિનિયમ હેઠળના કાર્યોની બજવણી માટે નિયમો ઘડી શકશે.

**મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**

૬૫(૧) જો આ અધિનિયમની કોઈ અમલવારી કરવામાં કે અસરકારક બનાવવામાં કોઈ મુશ્કેલી જણાય તો કેન્દ્ર સરકાર હુકમ દ્વારા આ અધિનિયમથી વિપરીત ન હોય તે રીતે મુશ્કેલી દૂર કરી શકશે.

વધુમાં એવી જોગવાઈ કરે છે કે, આવો કોઈપણ હુકમ આ અધિનિયમની અમલવારીના બે વર્ષ પૂરા થયા બાદ પસાર કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલ હુકમ શકય હોય તેટલી જલ્દી તે ઘડવામાં આવે ત્યારબાદ સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરવામાં આવશે.